# હવે દેશ માગે છે સર્જીકલ સ્ટ્રાઈક નહિ સંપૂર્ણ સંગ્રામ

કાશ્મીરના પુંચ વિસ્તારમાં ૨૦૦ મીટર ભારતની સરહદમાં આવીને પાકિસ્તાને કરેલી હરકતોથી દેશ આખો સમસમી ઉઠ્યો છે... ખૂબ થયું, ખૂબ સહન કર્યું... ૨૭ વર્ષમાં કાશ્મીર મામલે અને કાશ્મીર સરહદે પાકિસ્તાનની અવળચંડાઈથી દેશનો એકે એક નાગરિક બદલાની માગ કરી રહ્યો છે... કેટલી વખત નિંદા કરીને છૂટી જઈશું... કેટલી વખત પાકિસ્તાનના કૃત્યોને વખોડી કાઢીશું... કેટલી વખત યુનોમાં વિરોધ નોંધવશું... કેટલી વખત મંત્રણાઓ કરીશું... આ બધા જ પ્રશ્નો દેશને મુંઝવે છે... ભારતના શહીદ લાડકવાયાઓના પાર્થિવ શરીર પર જે અમાનવીય કૃત્ય કરાયું છે તેનો જવાબ દેશને જોઈએ જ છે... હેમરાજની શહીદીને હજુ ભૂલાઈ નથી ત્યાં તો પરમજીતસિંઘની શહીદીથી દેશ અકળાઈ ઉઠ્યો છે... હવે આરપારની લડાઈ એ જ ઉકેલ છે. રોજ સવારે કાશ્મીરમાં પથ્થરાવ થાય, જવાનો બહાદુરીપૂર્વક પથ્થરબાજોની વચ્ચે સામનો કરે... આતો આપણે સહન કરીએ, પણ સરહદ પારથી અમાનવીય હુમલાઓ સહન નથી થઈ શકતા... ભારતીય જવાનો પર દેશને ગર્વ છે, પૂર્ણ વિશ્વાસ છે... તેમની બહાદુરી માટે દેશ ગૌરવ અનુભવે છે... પરંતુ હવે શહીદોની શહીદીને એળે ન જવા દેવાય એવા નિવેદનો નહિ સરકારે એક્શનમાં આવવું જ જોઈએ... જે કંઈ સહન કરવાનું થાય તે માટે દેશ તૈયાર છે... કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે અને રહેશે. કાશ્મીરના મુદ્દે કોઈ બાંધછોડ કરવા દેશ તૈયાર નથી... આ પાકિસ્તાનને, યુનોને અને દુનિયાના દેશોને જણાવી દેવું જોઈએ જ.. અને કાશ્મીર સરહદે પાકિસ્તાનની અવળચંડાઈને બતાવી દેવું જ પડે કે પાકિસ્તાન જે ભાષામાં સમજે તે ભાષામાં જવાબ આપવાનો સમય આવી પહોંચ્યો છે... હવે ક્ષણનો ય વિલંબ દેશથી સહન થાય તેમ નથી... ભગવાન કૃષ્ણના એ જ શબ્દો સર્વત્ર પડઘાય છે... યુદ્ધ એ જ કલ્યાણ....


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫૧ | ૨ મે, ૨૦૧૭, મંગળવાર ; વૈશાખ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# નાપાક પાકિસ્તાનની વધુ એક ક્રૂરતા

## પાક દ્વારા પૂંચમાં સીઝ ફાયરનું ઉલ્લંઘન : બે જવાન શહીદ : ક્રિષ્ણાઘાટી સેક્ટરમાં સૈનિકોને ટાર્ગેટ કરીને ગોળીબાર કર્યો : બે જવાનોના મૃતદેહ સાથે પણ અમાનવીય વર્તન કરવામાં આવ્યું : સરહદે તણાવની સ્થિતિ



શ્રીનગર, તા.૧

નાપાક પાકિસ્તાન દ્વારા આજે ફરી એક વખત સીમા પર સીઝફાયરનો ભંગ કરવાની સાથે ભારતીય સૈનિકો સાથે બરબરતા કરવાની ઘટના પ્રકાશમાં આવી છે. પાકિસ્તાન દ્વારા સીઝ ફાયરનો ભંગ કરવાની સાથે ભારતીય સૈન્ય ઉપર કરવામાં આવેલા ગોળીબાર દરમ્યાન બે ભારતીય જવાનોના અંગ પણ કાપી નાખવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે ફરી એક વખત બંને દેશો વચ્ચે ભારે તનાવની પરિસ્થિતિ જોવા મળી છે. પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખા પાર કરી પાકિસ્તાન રેન્જર્સે બીએસએફની ચોકી પર રોકેટ લોન્ચરો પણ નાખ્યા હતા. જેમાં એક જેઓસી અને એક બીએસએફના હેડકોન્સ્ટેબલ શહીદ થઈ ગયા છે. આ ઉપરાંત એક જવાન ઈજાગ્રસ્ત બન્યો છે. પાકિસ્તાન રેન્જર્સ દ્વારા આજે ભારતીય જવાનોના શબ સાથે પણ બરબરતા કરવામાં આવી. વર્ષ ૨૦૧૩માં જે પ્રમાણે ભારતીય સૈનિકો સાથે દુષ્કૃત્ય કરવામાં આવ્યું હતું તે જ પ્રમાણે આજે ફરી એકવખત પાકિસ્તાની સેનાએ ભારતીય શહીદ જવાનોના અંગ છેદન કર્યા હતા. બીજી તરફ આ ઘટનાને પગલે સેનાના ઉત્તરી કમાન દ્વારા જારી કરવામાં આવેલી એક પ્રેસ

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરના કુલગામમાં આતંકી હુમલો

## બેંક અધિકારી સહિત કુલ ૭ના મોત નિપજ્યા : આંતકવાદીઓએ કેશવાન ઉપર હુમલો કરીને ૫૦ લાખ રૂપિયાની લૂંટ કરી : હથિયારો પણ લઈ ફરાર થઈ ગયા

શ્રીનગર,તા. ૧

ઘાટીના કુલગામ ખાતે આજે આતંકવાદીઓ દ્વારા એક ભીષણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલા દરમિયાન પાંચ પોલસી કર્મી અને બે બેન્ક કર્મચારીના મોત થયા છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ દક્ષિણ કાશ્મીરમાં કુલગામ ખાતે બેંકના અધિકારીઓ કેશવાનમાં રૂપિયા ૫૦ લાખ જેટલી કેશ લઈ જઈ રહ્યા હતા તે સમયે અજ્ઞાત આતંકીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં પાંચ પોલીસ કર્મી અને બે બેંક અધિકારી માર્યા ગયા છે. આ હુમલો જે સમયે કરવામાં આવ્યો તે સમયે એમ કહેવાય છે કે બેંક અધિકારીઓ બેંકમાંથી ૫૦ લાખ રૂપિયાની રકમ લઈ બીજી બ્રાંચમાં જમા કરાવવા માટે જઈ રહ્યા હતા. તે સમયે આતંકવાદીઓ દ્વારા રાયફલની મદદથી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં બે બેંક અધિકારીના અને પાંચ પોલીસ કર્મીઓના મોત થયા હોવાનું દક્ષિણ કાશ્મીરના ડીઆઈજી એસપી પાનીએ કહ્યું છે. આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં આતંકવાદીઓ આટલેથી જ અટક્યા ન હતા પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### આપમાં ઘેરા બનતા વિવાદ

આમ આદમી પાર્ટીમાં આંતરિક જુથબંધી સપાટી પર આવી છે. કુમાર વિશ્વાસ અને ધારાસભ્ય અમાનુલ્લાહ ખાનના નિવેદનોના પગલે પાર્ટી ભંગાણને આરે ધકેલાઈ રહી હોય એમ મનાય છે. જો કે મોડી સાંજે પાર્ટીની પોલીટીકલ અફેર્સની બેઠક બોલાવાઈ હતી.

### ઉત્તરાખંડમાં વધુ ૭ બેઠકોના ઈવીએમ સીલ કરવાના આદેશ

ઉત્તરાખંડ હાઈકોર્ટે રાજ્યના ૭ વિધાનસભા ક્ષેત્રના ઈવીએમ સીલ કરવાના આદેશ આપ્યા છે અને ૭ અઠવાડિયામાં પક્ષોને જવાબ રજુ કરવા જણાવાયુ છે. નૈનિતાલ હાઈકોર્ટે મસુરી, રાયપુર, રાજપુર, રાનીપુર, હરિદ્વાર અને પ્રતાપપુરના ઈવીએમ સીલ કરવાના આદેશ આપ્યા હતા.

# મનોજ તિવારીના નિવાસે હિંસક હુમલો : ૪ ઝડપાયા

## ૮-૧૦ અજાણ્યા શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો : જીવલેણ હુમલામાં બેને ઈજાઓ થઇ હોવાનો મનોજ તિવારીનો દાવો : સમગ્ર મામલામાં પોલીસ દ્વારા તપાસ

નવી દિલ્હી,તા. ૧

દિલ્હી ભાજપના પ્રદેશ અધ્યક્ષ મનોજ તિવારીના નોર્થ ઈસ્ટ સ્થિત દિલ્હી આવાસ પર મોડી રાત્રે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં બે લોકોને ઈજા થઈ છે. હુમલો કરવામાં આવ્યો ત્યારે મનોજ



તિવારી આવાસ પર ન હતા. સમાચાર મળતાની સાથે જ તિવારી તરત આવાસ પર પહોંચી ગયા હતા. આવાસ પર હાજર રહેલા લોકો સાથે હુમલાખોરોએ મારામારી કરી હતી. પોલીસે સમગ્ર મામલામાં તપાસ કરીને હજુ સુધી ચાર લોકોની ધરપકડ કરી લીધી છે. મનોજે પોતે ટ્વીટ કરીને માહિતી આપી છે કે તેમના આવાસ ૧૫૯ નોર્થ એવેન્યુ પર ૮-૧૦ લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ઘટના અંગે મિડિયા સાથે વાતચીત કરતા મનોજે કહ્યુ છે કે બે લોકો હુમલામાં ઘાયલ થયા છે. તેમણે કહ્યુ હતુ કે આ મોટા કાવતરાના ભાગરૂપે હુમલો હતો અને હજુ હુમલા થઈ શકે છે. પોલીસ પણ આમાં સામેલ હોવાની

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-તુર્કીની વચ્ચે ઉર્જા ક્ષેત્રે સંબંધ મજબૂત કરાશે : મોદી

## જીએસટી અંગે પણ આશાવાદ વ્યક્ત કરાયો : ૫૦ શહેરોમાં મેટ્રો રેલ, હાઈસ્પીડ ટ્રેન પ્રોજેક્ટની યોજના તૈયાર કરવામાં આવી રહી છે

નવી દિલ્હી,તા. ૧

ભારત-તુર્કી બિઝનેસ ફોરમને



સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત અને તુર્કી વચ્ચે મજબૂત આર્થિક સંબંધ છે. આ સંબંધ હવે વધુ ભાગીદારી સાથે મજબૂત કરવામાં આવશે. આ બંને દેશો વિશ્વના ૨૦ સૌથી મોટી અર્થવ્યવસ્થાવાળા દેશોમાં સમાવેશ થયા છે તેવા સમયે ઉર્જા ક્ષેત્રે ખાસ ભાર મુકવામાં આવશે. તેમણે કહ્યું કે બંને દેશો ઉર્જા ક્ષેત્રે ઉણપનો અનુભવ કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવાની સાથે વડાપ્રધાને કહ્યું કે તુર્કી પર્યટન માટે દુનિયાભરમાં જાણીતું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તુર્કી જવાવાળા ભારતીય પર્યટકોની સંખ્યા વધી છે. બંને દેશો વચ્ચે ૨૦૦૮માં વેપાર જે ૨.૮ અરબ ડોલર હતો તે બે ૨૦૧૬માં ૬.૪ અરબ ડોલર પર પહોંચ્યો છે. રાજનીતિક સંબંધ મજબૂત કરવા માટે હવે આર્થિક

● અનુસંધાન પાન-૭ પર

# ભારતના વળતા જવાબ માટે કેન્દ્ર સરકાર ગંભીર

## કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા બોલાવાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં સીમા પારથી વધતી જતી ગતિવિધિઓથી વાકેફ કર્યા



નવી દિલ્હી,તા. ૧

પાકિસ્તાન દ્વારા ભારતીય સૈનિકો સાથે કરવામાં આવેલા અમાનવીય કૃત્યની ઘટનાને પગલે ગૃહમંત્રી રાજનાથસિંહે એક ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં છત્તીસગઢમાં સીઆરપીએફ જવાનો પર નકસલીઓના હુમલા બાદ જમ્મુ અને કાશ્મીરમાં પ્રવર્તી રહેલી ગંભીર સ્થિતિને લઈને ચર્ચા કરવામાં આવી હતી. ઉચ્ચસ્તરીય બેઠકમાં ગૃહસચિવ રાજીવ મહર્ષી, આઈબીના રાજીવ જૈન, રોના અનિલ ધસમના, સીઆરપીએફના રાજીવ ભટનાગર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# દક્ષિણ કોરિયાની અમેરિકાને વધુ એક ચેતવણી : હજુ અણુ પરિક્ષણ કરાશે

## છેલ્લા ૧૧ વર્ષમાં જ દક્ષિણ કોરિયા પાંચ વખત પરમાણુ પરીક્ષણ કરી ચુક્યું છે : વૈશ્વિક પરિસ્થિતિ વધુ તંગ બની

સોલ,તા. ૧

ઉત્તર કોરિયાએ ચેતવણી આપતા ફરીવાર કહ્યું છે કે તે ક્યારે પણ તેનું વધુ એક પરમાણુ પરીક્ષણ કરી શકે છે. આ ચેતવણી એ સમયે આપવામાં આવી કે કોરીયન પ્રાયદ્વીપમાં યુદ્ધની સંભાવનાઓ વધી જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક સપ્તાહથી આ વિસ્તારમાં સંકટ વધતું જઈ રહ્યું છે. જેના કારણે ઉત્તર કોરિયાએ લાંબી રેન્જની મિસાઈલના રૂપમાં તેનું વધુ એક પરમાણુ પરીક્ષણ કરવાની તૈયારી કરી છે. આ તૈયારી પાછળ એમ માનવામાં આવે છે કે અમેરિકા દ્વારા સૈન્ય શક્તિના ઉપયોગ માટે જે તૈયારીઓ થઈ રહી છે. આ તૈયારીઓમાંથી તેનું ધ્યાન બીજા કેન્દ્રિત થાય. ઉત્તર કોરિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જારી કરેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકાએ જે પ્રમાણે તેની



ગતિવિધિઓ ઝડપી કરી છે તેનો વળતો જવાબ આપવા માટે અમે પણ તૈયાર છીએ.

કોરિયા દ્વારા ઘણા સમયથી પરમાણુ શક્તિને વધારવા માટે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેને લઈને અમેરિકા પણ ચિંતિત બન્યું છે. અમેરિકાએ તેના મિત્ર દેશ દક્ષિણ કોરિયા અને સમુદ્રી વિસ્તારમાં યુદ્ધ જહાજોને મોકલવાથી લઈ શરૂ કરેલી અન્ય સૈન્ય પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈ ઉત્તર કોરિયા તરફથી છઠ્ઠા પરમાણુ પરીક્ષણ માટે આ નિવેદન જારી કરવામાં આવ્યું છે. ઉત્તર કોરિયાએ છેલ્લા ૧૧ વર્ષમાં પાંચ પરમાણુ પરીક્ષણ કર્યા છે.





## પટાવાળા જોઈએ છે

ગાંધીનગર સ્થિત પ્રખ્યાત શાળા માટે ઓફીસ કામના જાણકાર પટાવાળા જોઈએ છે

સંપર્ક : ૯૮૨૪૨ ૩૩૧૨૧

